# ગ્રાફિક્સ ડિઝાઇનર

ગ્રાફિક્સ ડીઝાઈનર એડવાન્સ કમ્પ્યૂટર સોફટવેરની મદદથી સંદેશાઓના સંચાર માટે દ્રશ્ય સામગ્રી અથવા ગ્રાફિક્સ બનાવે છે. ગ્રાફિક્સ ડિઝાઈનર મુખ્યત્વે પ્રકાશન, મુદ્રિત અથવા ઈલેક્ટ્રોનિક મીડિયા, જેમ કે બ્રોશર અને જાહેરાતો માટે ગ્રાફિક્સ તૈયાર કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમને કલાત્મક વ્યવસાયોમાં રૂચિ ધરાવો છો
- તમે કમ્પ્યૂટર ઉપર સારી રીતે કામ કરી શકો છો
- તમે અલગ અલગ ટીમો સાથે કામ કરવા માટે સહજ છો
- કામ કરતી વખતે તમે વિગતો પર ધ્યાન આપવાનું પસંદ કરો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે
**રૂ. ૩૦,૦૦૦ થી ૧૯,૪૧,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ગ્રાફિક ડિઝાઈન/વેબ ડિઝાઈન અથવા કોઈપણ સમાન વિદ્યાશાખામાં સ્નાતકની ડિગ્રી (B.Design) પૂર્ણ કરો.

**અથવા**

ગ્રાફિક ડિઝાઈન/વેબ ડિઝાઈન અથવા કોઈપણ સમાન વિદ્યાશાખામાં સ્નાતકની ડિગ્રી (B.Design) પૂર્ણ કરો અને ત્યાર બાદ તેમાં અનુસ્નાતકની ડિગ્રી (M.Design) પૂર્ણ કરો.

**અથવા**

કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતકની ડિગ્રી (B.Design) પૂર્ણ કરો, ત્યારબાદ ગ્રાફિક ડિઝાઇનમાં PG Diploma મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

સિરામિક્સ/ગ્લાસ ડિઝાઈનરનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧૨,૦૮૩ થી ૫૪,૫૮૪*** જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Graphic_Designer/Salary

## તમે ક્યાં કામ કરશો?

કાર્યસ્થળ : પ્રકાશન સંસ્થાઓ, ટેલિવિઝન ઈન્ડસ્ટ્રી, ડિઝાઈન ગ્રુપ સેન્ટર્સ, એડવર્ટાઈઝિંગ ઈન્ડસ્ટ્રી, ગેમ ડેવલપિંગ કંપનીઓ, ઈ-કોમર્સ, ન્યૂઝ એન્ડ મેગેઝિન, પેકેજિંગ ઈન્ડસ્ટ્રીઝ, મલ્ટીમીડિયા કંપનીઓ વગેરે.

ઉદ્યોગ સાહસિકતા: તમે એક ખાનગી ડિઝાઈનિંગ કંપની પણ ચલાવી શકો છો જ્યાં તમે તમારા ક્લાયન્ટની જરૂરિયાતો અનુસાર ગ્રાફિક્સ ડિઝાઈનીંગની સેવાઓ પુરી પાડશો.

કાર્યસ્થળનું વાતાવરણ: સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમમાં કામ કરવું પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

જુનિયર ડિઝાઈનર → ગ્રાફિક ડિઝાઈનર → સિનિયર ગ્રાફિક ડિઝાઈનર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ગ્રાફિક્સ ડિઝાઈનર, એનિમેશન ડિઝાઈનર, ગ્રાફિક્સ આર્કિટેક્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ડિપાર્ટમેન્ટ ઓફ ડિઝાઈન દ્વારા દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન, અમદાવાદ
૨. હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટી, પાટણ
૩. પોટી શ્રીરામુલુ તેલુગુ યુનિવર્સિટી, હૈદરાબાદ
૪. તિલક મહારાષ્ટ્ર વિદ્યાપીઠ, પુણે
૫. રીસૂ, જયપુર
૬. પોટ્ટી શ્રીરામુલુ તેલુગુ યુનિવર્સિટી, હૈદરાબાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે સંસ્થા UGC અને AICTE સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. પારુલ યુનિવર્સિટી, વડોદરા
૨. પી.પી.સવાણી યુનિવર્સિટી, સુરત
૩. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર
૪. એલ. જે. સ્કુલ ઑફ આર્કિટેક્ચર, અમદાવાદ
૫. સિલ્વર ઑક યુનિવર્સિટી, અમદાવાદ
૬. યુનાઈટેડ વર્લ્ડ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ડિઝાઈન, અમદાવાદ
૭. ઓરો યુનિવર્સિટી, સૂરત
૮. ઈન્ટરનેશનલ સ્કૂલ ઓફ ડિઝાઇન, પુણે
૯. આર્ક એકેડમી ઓફ ડિઝાઈન, જયપુર
૧૦. ડી.વાય. પાટીલ યુનિવર્સિટી, પુણે

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

- **ઓનલાઈન અભ્યાસક્રમો**
  NPTEL* સ્વયમ:
  https:// nptel.ac.in/courses/107101087
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- www.skillindiadigital.gov.in

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેક્નોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ



## સાફલ્ય ગાથા

**સુજાતા કેશવન** એક ભારતીય ગ્રાફિક ડિઝાઈનર છે જે ભારતમાં સ્થિત બ્રાન્ડ ડિઝાઇન ફર્મ રે અને કેશવનના સહ-સ્થાપક પણ છે. કેશવને ૧૯૮૪માં નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઇન, અમદાવાદમાંથી સ્નાતક થયા અને પછી સ્કૂલ ઑફ આર્ટ, યેલ યુનિવર્સિટીમાંથી ગ્રાફિક ડિઝાઇનમાં માસ્ટર ઑફ ફાઈન આર્ટસનો અભ્યાસ કર્યો. ૨૦૧૬માં, કેશવે ઉદ્યોગસાહસિક રવિ પ્રસાદ અને મીતા મલ્હોત્રા સાથે એક કલાત્મક લક્ઝરી ફેશન બ્રાન્ડ વરના ડિઝાઇન લિ.ની સહ-સ્થાપના કરી.*

સ્રોત: https://design.careers360.com/articles/most-popular-indian-graphic-designers

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.